જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૧૪ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૬૮૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૪૦ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા.તેમજ જુગારધાર મુજબ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧૧૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૬૮૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ અને બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૬૮૨/૧૪**

**અમરાઇવાડી** : અમરાઇવાડી વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીની માતાએ ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૧૪ નાં કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે અમરાઇવાડી વિસ્તારમાં રહેતો આરોપી વિપુલ રમેશકુમાર ભીલ (ઉ.વ.૨૨) પોતાની દિકરીનું અપહરણ કરી લઇ જઇ, તરૂણીની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૨૬૮૩/૧૪**

**નારણપુરા** : ધર્મીષ્ઠાબેન કિશોરભાઇ રઘુવંશી (રહે. રબારી વસાહત ભુરાભાઇની ચાલી રામાપીરનો ટેકરો નવા વાડજ નારણપુરા) એ તા.૨૯/૧૦/૧૪ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૦/૧૪ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી રમેશભાઇ પ્રતાપભાઇ ઠાકોર પોતાની પુત્રી વંદનાબહેન (ઉ.વ.૧૭) ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**સોનાની ચેઇન ઝુંટવી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૬૮૪/૧૪**

**નરોડા** : રાયસિંગ રઘુનાથસિંગ ચૌહાણ (રહે.અક્ષરધામ સોસાયટી, જામફલવાડી, રામોલ રોડ) એ તા.૩૦/૧૦/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૦/૧૪ રાતનાં ૮/૧૫ વાગ્યાના સુમારે નરોડા પાટીયાથી કૃષ્નનગર ચાર રસ્તા નજીક આવેલ અદાણી સી.એન.જી.પંપ નજીકથી મોટર સાયકલ પર પત્ની સાથે પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ રાયસિંગનાઓની પત્નીનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૬૮૫/૧૪**

**એલીસબ્રીજ :** રાજેશભાઇ વિષ્ણુભાઇ રાઠોડ (રહે.મહેનતપુરા, ભુદરપુરા રોડ, આંબાવાડી) એ તા.૭/૧૦/૧૪ રાતનાં ૯/૧૫ વાગે વા.સા.હોસ્પીટલ એમ.આર.આઇ.સેન્ટર સામે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.વાય. ૪૩૬૫ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ રાજેશભાઇ રાઠોડે તા.૩૦/૧૦/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

**ત્યજી દિધેલ મૃત બાળક મળી આવવા બાબત :-** **સમાચાર યાદી નં.૨૬૮૬/૧૪**

**સોલા હાઇકોર્ટ :** તા.૩૦/૧૦/૧૪ સવારનાં ૯/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ચાણક્યપુરી બ્રીજ નીચે, ઓમકારેશ્વર મંદિર પાસેથી તાજુ જન્મેલુ મૃત બાળક ત્યજી દિધેલી હાલતમાં મળી આવતાં અજાણી વ્યક્તિ વિરૂધ્ધ સોલા હાઇકોર્ટ પોલીસે ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૬૮૭/૧૪**

**સોલા હાઇકોર્ટ :** તા.૨૯/૧૦/૧૪ સવારનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે સોલા બ્રીજ પાસે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી રોડ પરથી પસાર થતી અજાણી સ્ત્રીને ટક્કર મારતાં અજાણી સ્ત્રીનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી વિ.કે.વાઢેર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.